ક્રમાંક: બમશ/૧૧૨૦૨૨/૧૯૪/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪/03/૨૦૨૨.

પ્રતિ,
કમિશ્નરશ્રી
શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: TAT અને HMATના પ્રમાણપત્રની મુદત વધારવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તા.૦૨/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૨૨/૧૯૭૯ના અનુસંધાને જણાવવાનું કે, રાજ્યની સરકારી/બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકની ભરતી માટે લેવામાં આવતી શિક્ષક અભિરૂચિ કસોટી (Teachers Aptitude Test-TAT) અને બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી માટે લેવામાં આવતી આચાર્ય અભિરૂચિ કસોટી (Head Masters Aptitude Test-HMAT)ના પ્રમાણપત્રની મુદત ૦૫ (પાંચ) વર્ષ નિયત થયેલ છે. સરકારશ્રી દ્વારા ઉક્ત પ્રમાણપત્રોની મુદત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે શિક્ષક અને આચાર્યની ભરતી માટે નવા નિયમો અમલમાં ન આવે ત્યાં સુધી માન્ય રાખવાનો નિર્ણય કરેલ છે. આ બાબતે વિભાગ દ્વારા શિક્ષકો અને આચાર્યની ભરતી માટેના સંબધિત જાહેરનામામાં સુધારો કરવામાં આવશે. સંબધિત જાહેરનામાઓમાં સુધારા થયા બાદ જે તે જગ્યાઓની ભરતી પસંદગી અંગેની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદિત થવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- સેક્શન અધિકારીશ્રી, ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જાહેરનામામાં સુધારો કરવા અંગેની જરૂરી કાર્યવાહી સારૂ.
- સેક્શન અધિકારીશ્રી, છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સિલેક્ટ ફાઈલ.